# જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

Phone:0261-2662902
Fax: 0261-2662903
Website: www.deosurat.gov.in
Email: suratdeo@gmail.com
A-૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત

જા.નં./મા-૨/કેમ્પ/૨૦૨૩ ૬૭૧૧૫

તા.૨૬/૦૯/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની રજીસ્ટર્ડ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ તરફ.

વિષયઃ- ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનાં નામ, અટક, જાતિ, જન્મ તારીખ.જન્મ સ્થળ, પિતાનાં નામાં ફેરફાર બાબત.

જય ભારતસહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક **વર્ષ-૨૦૨૩-૨૪** માં આપની શાળામાં **ધોરણ-૯ થી ધોરણ-૧૨** માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓના નામ, અટક, જાતિ, જન્મ તારીખ, જન્મ સ્થળ, પિતાનાં નામમાં ફેરફાર કરવા માંગતા હોય, તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે અને તેમની પાસે નિયત નમૂનામાં અરજી તથા અસલ સોગંદનામું તેમજ સાધનિક પૂરાવા સાથેની સંપૂર્ણ દરખાસ્ત તૈયાર કરી કેમ્પના સ્થળે નિયત તારીખે રજૂ કરવાની રહેશે. કેમ્પમાં શાળાના જાણકાર કર્મચારીએ રૂબરૂ આવવાનું રહેશે. આ સાથે ધોરણ-૧૦ પાસ કર્યા બાદ ધોરણ-૧૧ અથવા ધોરણ-૧૨માં અભ્યાસ શરૂ હોય તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓની માટે સામેલ આદશની ત્રણ નકલ પ્રમાણે દરખાસ્ત તૈયાર કરવાની રહેશે. દરખાસ્ત શાળા દ્વારા રજૂ કરવાની રહેશે. શાળાઓએ કેમ્પના સ્થળે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. કેમ્પના સમયનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોંધ :- નામ/અટક/જાતિ/જન્મ તારીખ/પિતાના નામ/જન્મ સ્થળ ફેરફારની દરખાસ્ત સાથે વિદ્યાર્થીના જન્મ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ ફરજિયાત રજૂ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

## નામ ,અટક,જાતિ,જન્મ તારીખ,જન્મ સ્થળ,પિતાનું નામ,વિદ્યાર્થીનું નામ સુધારા કરવા અંગેની સુચના

(૧) ફાઈલના મુખપૃષ્ઠ પર શાળાનું નામ ઇન્ડેક્ષ નબર, સુધારાની વિગત અને વર્ષ સ્પષ્ટ દર્શાવવાની રહેશે.

(૨) જાતિ અંને જન્મ તારીખની દરખાસ્તની ફાઈલ અલગ-અલગ બનાવવી, આ સિવાય નામ, અટક, જન્મ સ્થળ, પિતાના નામમાં સુધારો, વિદ્યાર્થીના નામમાં સુધારો, સ્પેલિંગ સુધારો કરવાની દરખાસ્તની એક અલગ જ ફાઈલમાં દરખાસ્ત ક્રમશઃબનાવી ગોઠવી રજુ કરવી.

(3) સુધારા માટે રજુ કરવામાં દરખાસ્ત સાથે લાગુ પડતા આધારો સિવાય બિન જરૂરી કે વધારાના પુરાવા સામેલ કરવા નહિ

(૪) દરખાસ્ત રજુ કરતી વખતે નીચે મુજબના ક્રમમાં પત્રો ગોઠવી દરેક વિદ્યાર્થીના અલગ અલગ બંચ બનાવી ક્રમ(૨)ની સૂચના મુજબ ફાઈલ કરી કેમ્પમાં રજુ કરવાની રહેશે:

(૧) શાળાનો વિદ્યાર્થીની યાદી સાથેનો ફોરવડીંગ લેટર (ફાઈલ પ્રમાણે જુદો જુદો)

(૨) નોંધ (નોંધ પર ફ્લેગ લગાડવી)

(3) આદેશની બે નકલ ( બન્ને નકલ પર ફ્લેગ લગાડવી)

(૪)નામ/અટક/જાતિ/જન્મ તારીખ બદલવા માટે વિદ્યાર્થીએ ભરવાનું ફોર્મ.

(૫) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ/નોટરી સમક્ષ વિદ્યાર્થીના વાલીએ કરેલ અસલ સોગંદનામું (એફીડેવીટમાંશાળાનું નામ/જી.આર નંબર/ધોરણ અને વિદ્યાર્થીનું નામનો ઉલેખ કરવાનો રહેશે. )

(૬) અન્ય આધારો.

તમામ આધારો પ્રમાણિત કરેલ સામેલ રાખવા. (તમામ આધારો પર ફ્લેગ લગાવવાનો રહેશે.)

સુધારેલ પરિપત્ર

સાદર રજૂ,

.....................................................................શાળા તાલુકો...........જિલ્લોઃ-સુરતની શાળામાં ધોરણઃ-........માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાથીની શ્રી.................................................ના જી.આર.નંબર.................પર નોંધાયેલ છે. તેઓની વયપત્રકની નોંધમાં નીચેની વિગતે સુધારો કરવા માટે શાળાએ તેમના તા..........................ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

સુધારાની વિગતઃ- (દા.ત. નામ, અટક, જન્મતારીખ, પિતાનું નામ, જાતિ વગેરે) .................................

શાળાના જી.આર.ની હાલની નોંધ સૂચિત સુધારેલી નોંધ

...................................... .............................

શાળાએ રજૂ કરેલ દરખાસ્તમાં નામ/અટક/જાતિ બદલવા માટે વિદ્યાર્થીએ ભરવાનું ફોર્મ તથા સૂચિત સુધારા માટે વિદ્યાર્થીના વાલીએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ / નોટરી સમક્ષ કરેલ અસલ સોગંદનામું રજૂ કરેલ છે. આ ઉપરાંત દરખાસ્ત સાથે નીચેના આધારો રજૂ કરેલ છે.(A TO F) પૈકી લાગુ પડતી બાબત સામે (✓) ની નિશાની કરવી.

**A.** વિદ્યાર્થી નામમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.

૧.જન્મ રજીસ્ટરમાંથી પ્રમાણિત ઉતારો (જન્મ પ્રમાણપત્ર) અથવા કોર્ટનો હુકમ

**B.** વિદ્યાર્થીના અટકમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.

૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર

૨. પિતાની એલ.સીની નકલ

3. ઉપરના આધાર ન હોય તો કોર્ટનો હુકમ.

**C.** વિદ્યાર્થીના જાતિમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.

૧.વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર

૨.વિદ્યાર્થીના પિતાનાં એલ.સી.ની નકલ તેમજ કાકા,ભાઇ,બહેનના એલ.સી. ની નકલ સાથે તેમનું પેઢીનામું અને સોગંદનામુંમાં ઉલ્લેખ કરવાનું રહેશે.

3.વિદ્યાર્થીના પિતાની જાતિ અંગેના સક્ષમ અધિકારીએ આપેલા પ્રમાણપત્રની નકલ.(લાગુ પડે તે વ્યકિતઓએ)

**D.** વિદ્યાર્થીના જન્મ તારીખમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.

૧.વિદ્યાર્થીનો જન્મનું પ્રમાણપત્ર અથવા કોર્ટનો હુકમ.

૨.વિદ્યાર્થીના ધોરણ-૧ થી અત્યાર સુધીના તમામ પરિણામોની પ્રમાણિત નકલ

3. ધો-૧ થી જન્મ તારીખ સુધારા માટે દરખાસ્ત રજૂ કર્યાના વર્ષ સુધીમાં અભ્યાસ દરમ્યાન નાપાસ થયેલ નથી તેવું આચાર્યનું પ્રમાણપત્ર

**E.** વિદ્યાર્થી પિતાના નામમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.

૧.વિદ્યાર્થીનો જન્મનું પ્રમાણપત્ર અથવા કોર્ટનો હુકમ.

૨.વિદ્યાર્થીના પિતાના એલ.સી.ની નકલ.

**F.** **દત્તક વિધાન કેસમાં પિતાના નામમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો.**

૧.વિદ્યાર્થીનો જન્મનું પ્રમાણપત્ર.

૨.સબરજીસ્ટર ધ્વારા નોંધાયેલ દત્તક વિધાન.

૩.પરસ્પર વાલીઓની સંમતિનું એફીડેવીટ.(બંન્ને વાલીની)

૪.આગલા પિતા હયાત ન હોય તો તેનો મરણનો દાખલો. જો હયાત હોય તો આગલા પિતાની સંમતી (એફિડેવીટ પર)

૫.રીમેરેજ કિસ્સામાં કોર્ટનો હુકમ.

૬.છૂટાછેડાનો કોર્ટનો હુકમ.

**J.** **વિદ્યાર્થીના નામની પાછળ પિતાના નામને બદલે માતાનું નામ સુધારવા.(પિતા હયાત ન હોય તો)**

૧.વિદ્યાથીનું જન્મનું પ્રમાણપત્ર.

૨.પિતાના અવસાનનો દાખલો.

૩.છૂટાછેડાના કિસ્સામાં કોર્ટનો હુકમ.

૪.પિતા હયાત હોય તો તેની સંમતિ (સોગંધનામા સ્વરૂપે)

૫.અન્ય કારણો હોય તો તેના આધારો.

ક્રમ નં **A/B/C/E/F/G** ના પેટા ક્રમના આધારો અને વાલીનું એફીડેવીટ રજુ કરેલ છે. આધારો નિયમાનુસાર હોઇ વિદ્યાર્થીનું નામ/અટક/જાતિ/જન્મ તારીખ/પિતાનું નામમાં/માતાના નામમાં સુધારો કરવા માટે વિદ્યાર્થીનો જન્મ પ્રમાણપત્ર અને પિતાની એલ.સી ની નકલ અવશ્ય રજુ કરવાની રહેશે. જે યોગ્ય નિર્ણય અર્થે રજુ આદેશાર્થે.

ઉકત આધારોની ચકાસણી કરતા શાળાની દરખાસ્ત મુજબ ........................................શાળા, ............તાલુકો. જિ.સુરત ની શાળામાં ધોરણ .........માં અભ્યાસ કરતા વિદ્યાર્થીના જી.આર.ની નોંધમાં ..................................સુધારા માટે આદેશ સારૂ.

વિદ્યાર્થી/વિદ્યાર્થીનીશ્રી

.....................................ના જી.આર.નંબર ................ની નોંધમાં સુધારા માટે આદેશ સારૂ.

સિ.કલાર્ક હેડ કલાર્ક વહીવટી અધિકારી /શિ.નિ.

મંજુર/ના મંજુર

જા.નં/મા-૨/આદેશ/૨૦૨૩/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા.   /   /૨૦૨૩

<u>વંચાણે લીધા:-</u>

૧.શાળાનાં પત્ર નં.................તારીખ:- ...............
૨.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨
૨.ગ્રાન્ટ ઇન એઇટ કોડ ૧૯૬૪
૪. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪
૫..જયુડીશિયલ મેજીસ્ટેટશ્રી/એકઝી. મામલતદારશ્રી/સબ રજીસ્ટ્રાર/નોટરીનાં
રજી.નં...............તારીખ: ................નાં રોજ કરેલ કોર્ટનો હુકમ/સોગંદનામું.
વિદ્યાર્થીનું નામ:..............................................ધોરણ: ...........

<u>કચેરી આદેશ:-</u>

આથી.................................................શાળાના ધોરણ:.........માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીની............................................... જી. આર. નંબર:............પર નોંધાયેલ છે. જેમનાં વયપત્રકની નોંધમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીનું નામ/અટક/પિતાનું નામ/જન્મ તારીખ તરીકે **જુની નોંધ:** ...................ને બદલે **નવી નોંધ** : ......................નો ફેરફાર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. સુધારેલ વિગત શાળા દફતરે ફેરફાર કરી વિદ્યાર્થીને, વાલીને. તેમજ સબંધિત તમામ પક્ષકારોને શાળા કક્ષાએથી જાણ કરવાની રહેશે.

<u>**(આ આદેશ કમ્પ્યુટરાઇઝ રજુ કરવો (ઝેરોક્ષમાં લખવું નહીં.) (ત્રણ નકલમાં લાવવું.)**</u>

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

પ્રતિ,
(૧) આચાર્યશ્રી,
.......... .......... .......... ..........
................................
(૨) આચાર્યશ્રી,(ધોરણ-૧૦ની જાહેર પરીક્ષા આપેલ શાળાનું નામ, સરનામું.)
ધોરણ-૧૦નો જી.આર.નંબર. :-......................, એલ.સી.નંબર:-.................
શાળાનું નામ/સરનામું:-........................................
..........................................

નોંધ:-(ધોરણ-૧૦ પાસ કરેલ હોય, ધોરણ-૧૧ અથવા ૧૨માં અભ્યાસ કરતા હોય)
**(સદર વિદ્યાર્થીની ધોરણ:-૧૦ની શાળા સુરત જિલ્લા સિવાયના અન્ય જિલ્લામાં હોય તો એક ઓર્ડરની નકલ કચેરીમાં જમાં કરાવવી.)**

જા.નં/મા-૨/આદેશ/૨૦૨૩/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા.    /    /૨૦૨૩

વંચાણે લીધા:-

૧.શાળાનાં પત્ર નં................તારીખ:- ..............
૨.ગ્રાન્ટ ઇન એઇટ કોડ ૧૯૬૪
૩.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨
૪.ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪
૫..જયુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી/એકઝી. મામલતદારશ્રી/સબ રજીસ્ટ્રાર/નોટરીનાં
રજી.ન..............તારીખ: ...............નાં રોજ કરેલ કોર્ટનો હુકમ/સોગંદનામુ.
વિદ્યાર્થીનુ નામ:..................................................ધોરણ: ..........

કચેરી આદેશ:-

આથી..................................................શાળાના ધોરણ:........માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીની...........................................જી. આર. નંબર:.............પર નોંધાયેલ છે. જેમનાં વયપત્રકની નોંધમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીનું નામ/અટક/પિતાનું નામ/જન્મ તારીખ તરીકે **જુની નોંધ:** ..................ને બદલે **નવી** નોંધ : ......................નો ફેરફાર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. સુધારેલ વિગત શાળા દફતરે ફેરફાર કરી વિદ્યાર્થીને, વાલીને તેમજ સબંધિત તમામ પક્ષકારોને શાળા કક્ષાએથી જાણ કરવાની રહેશે.

(આ આદેશ કમ્પ્યુટરાઇઝ રજુ કરવો (ઝેરોક્ષમાં લખવું નહીં.)

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

પ્રતિ,
(૧) આચાર્યશ્રી,
.......... .......... .......... ..........
..............................